
## આવતીકાલનો ઉજાસ



**પૂનમ જયંતિભાઈ પટેલ**
**ધોરણ-૫**
**પ્રેરણા વિદ્યાલય**

પૂનમ પોતાના પરિવાર સાથે સૅક્ટર-૬ ખાતે છાપરામાં રહે છે. એના માતા-પિતા શ્રમિક જીવન જીવે છે, જે કારણે તેમને દિવસભર ઘરની બહાર રહેવું પડે છે. મોડી સાંજે પરત આવ્યા પછી તેઓ પોતાનાં સંતાનોના અભ્યાસ માટે ધ્યાન આપી શકે એવી સ્થિતિમાં હોતાં નથી. 'અમે તો થાકીને સૂઈ જઈએ છીએ, પણ અમારો દીકરો એકલો-એકલો અભ્યાસ કરતો હોય છે' એવું એમનું કહેવું છે. અને એ છે પણ સાચું. રાત્રે લખવા-વાંચવા માટે પૂનમ સ્ટ્રીટ લાઈટનો ઉપયોગ કરે છે. અને તેમ છતાં અભ્યાસમાં ખૂબ સારો દેખાવ કરે છે. ઉપરાંત, રજાના દિવસે પોતાના નાના ભાઈને પણ લખતાં-વાંચતા શીખવે છે. શાળામાં સૌ જોડે હળીમળીને તે રહે છે તથા લેસન લાવવામાં નિયમિત રહે છે.

મોટા થઈને ઍન્જિનીયર બનવાની ને જરૂરિયાત પૂરતું કમાઈને માતા-પિતાની મજૂરી છોડાવવી એ તેની મહત્ત્વાકાંક્ષા છે.

શાળા દ્વારા વિદ્યાર્થીઓ માટે પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પૂનમની આર્થિક સ્થિતિથી વાકેફ હોવાથી તેને કહેવામાં આવ્યું કે, તારે પિકનીક માટે પૈસા ભરવાની જરૂર નથી, તારા પૈસા સ્કૂલ ભરશે ત્યારે એણે ઈનકાર કરતાં ખુમારીથી જવાબ આપ્યો હતો, 'સાહેબ, મને આવી ટેવ ન પાડશો !'

# શિબિરોની મૉસમમાં એક અનોખો શિબિર





ઉનાળાની મૉસમ એટલે ગાંધીનગરમાં ફૂલોને મ્હોરવાની ને બાળકોને વિકસવાની મૉસમ. આ વખતના વૅકેશનમાં આ મૉસમ પૂરબહારમાં ખીલી છે. અનેક શૈક્ષણિક અને સ્વૈચ્છિક સંસ્થાઓએ અનેક પ્રકારના શિબિરોનું આયોજન શહેરમાં કર્યું ને અનેક પ્રવૃત્તિઓ બાળકોને, યુવાઓને કરાવી. આ જ ક્રમમાં હેત ફાઉન્ડેશન દ્વારા માનસિક વિશિષ્ટ બાળકો માટેના વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે. સોરઠ કારડિયા રાજપૂત સમાજ કેળવણી મંડળ સંચાલિત પ્રાથમિક શાળા ખાતે આ વર્કશૉપ ચાલી રહ્યો છે, જે રવિવાર સુધી કાયમ રહેશે. (તસવીર : દિપક જાની)

### સ્કૂલ ફોર એક્સલન્સના એક્સલન્ટ વિદ્યાર્થીઓ : શાળાનું ૮૯.૨૨ ટકા પરિણામ

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૦ ટકાથી વધુ ગુણ મેળવનાર ૩૩ તારલાઓ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લામાં શૈક્ષણિક અને યોગની પ્રવૃત્તિઓમાં ઊંચી સિદ્ધિ મેળવનાર સ્કૂલ ફોર એક્સલન્સના વિદ્યાર્થીઓએ તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી શાળાને તથા વાલીગણને ગૌરવ અપાવ્યો છે.

ગાંધીનગરના પેથાપુર ગામથી રાંધેજા તરફ જવાના માર્ગે આવેલી સ્કૂલ ફોર એક્સલન્સ વિશાળ કેમ્પસ અને રઢિયામણું વાતાવરણ ધરાવતી જિલ્લાની એક માત્ર સંસ્થા છે. શાળામાં આ વર્ષે ૩૭૧ વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની ગૃપ-એ તથા ગૃપ-બી ની પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૩ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા છે. જ્યારે ૫૩ વિદ્યાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા મેળવ્યા છે. બધા જ વિદ્યાર્થીઓની વાત કરીએ તો ૨૭૬ વિદ્યાર્થીઓ ફસ્ટક્લાસ અને ડીસ્ટીક્શન સાથે આવ્યા છે અને શાળાને ગૌરવ અપાવ્યું છે.

સ્કૂલ ફોર એક્સલન્સનું ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ ૮૯.૨૨ ટકા આવ્યું છે. જેમાં રોહન પટેલે ૯૮.૬૬ ટકા સાથે પ્રથમ નંબર, દિક્ષિત પટેલે ૯૭ ટકા સાથે દ્વિતીય નંબર, કિશન ઓઝાએ ૯૬.૬૬ ટકા સાથે તૃતીય નંબર, રાજદિપસિંહ જાડેજાએ ૯૬.૩૩ ટકા સાથે ચોથો અને વિવેક પટેલે ૯૬ ટકા સાથે પાંચમો ક્રમ મેળવી શાળાને તથા પોતાના પરિવારને ગૌરવ અપાવ્યું છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી વિશ્વબંધુભાઈ પટેલે વિદ્યાર્થીઓને તેમની મહેનત અને શિસ્તને બિરદાવી તેમના વાલીને તથા વિદ્યાર્થીને અભિનંદન આપ્યા છે.

શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓમાં વિવેક પટેલે કેમેસ્ટ્રીમાં ૯૮ માર્કસ રોહન પટેલે ફિઝિક્સમાં ૯૯ માર્કસ, બાયોલોજીમાં ૧૦૦ ગુણ અને નીતિન પટેલે મેથ્સમાં ૯૯ ગુણ મેળવી વિષયવાર પ્રથમ ક્રમ મેળવ્યો છે.

શાળાના પ્રથમ ૧૦ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, 'શાળામાં અદ્યતન લેબ, વિશાળ કેમ્પસ, સુંદર બગીચા, શાંત અને આહ્લાદક વાતાવરણ તેમજ ખૂબ જ એજ્યુકેટડ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ હોવાથી અમને ક્યારેય અભ્યાસમાં ખામી અનુભવાઈ નથી.' વિદ્યાર્થીઓએ મેનેજીંગ ટ્રસ્ટી વિશ્વબંધુભાઈ પટેલને શૈક્ષણિક સ્ટાફને પોતાની સિદ્ધિના હકદાર ગણાવ્યા હતા.

શાળાના આચાર્યા જયશ્રીબેન અને સુપરવાઈઝર રાજેશભાઈ પટેલ તથા મેનેજીંગ ટ્રસ્ટી વિશ્વબંધુભાઈ પટેલ, પ્રવીણભાઈ પટેલ અને સમગ્ર શાળા પરિવારે વિદ્યાર્થીઓને તેમની ઊંચી ટકાવારી બદલ અભિનંદન આપ્યા છે અને જીવનના દરેક ક્ષેત્રમાં સફળ થવા શુભેચ્છાઓ પાઠવી છે.

## સી ઍમ હાઈસ્કૂલનું ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૮.૪૦ ટકા પરિણામ

*ગાંધીનગર, તા.૧૪*

*ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી સી.એમ. હાઈસ્કૂલના ધોરણ-૧૨ સાયન્સના ૩૩૬ વિદ્યાર્થીઓએ ચાલુ વર્ષે પરીક્ષા આપી હતી જેનું ૮૮.૪૦ ટકા પરિણામ આવ્યું છે.*

*શાળાના ધો-૧૨ સાયન્સના એ ગૃપ અને બી ગૃપના અનુક્રમે ૨૩૬ અને ૧૦૦ વિદ્યાર્થીઓ હતા. જેમાંથી એ-૧માં ૬, એ-૨માં ૨૪, બી-૧માં ૫૯, બી-૨માં ૯૧, સી-૧માં ૭૯ અને સી-૨માં ૩૮ વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળામાં પાર્થ સુનિલભાઈ પટેલે ૯૧.૬૦ ટકા સાથે એ-૧માં આવી શાળાનું નામ રોશન કર્યું છે તથા વિવેક યશવંતભાઈ સોલંકીએ ૯૧.૨૦ ટકા સાથે એ-૧માં દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના પાસ થયેલા અને ઊંચી ટકાવારી લાવનાર વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.*

### ગાંધીનગરનું ગૌરવ

## ઍલ ઍલ ઍમના બીજા સૅમેસ્ટરમાં પ્રથમ ત્રણેય વિદ્યાર્થીઓ સિદ્ધાર્થ લૉ કૉલેજના

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત યુનિવર્સિટીના મે-૨૦૧૨ના જાહેર થયેલ એલ.એલ.એમ. સેમેસ્ટર-૨માં પ્રથમ ત્રણેય નંબરો સિદ્ધાર્થ લો કોલેજ ગાંધીનગરના ફાળે જાય છે. યુનિવર્સિટીમાં અનુક્રમે પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીઓ શ્રી કરણવીર માયારામ, દ્વિતીય ક્રમે શ્રી સૂર્યસિંહજી ડાભી અને તૃતીય ક્રમે શ્રી વિનોદ રાજપુત આવેલ છે.

કોલેજના આચાર્યશ્રી, સ્ટાફ તથા કૉલેજ પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ છે.

## સ્વામીનારાયણ હાઈસ્કૂલનું ધો-૧૨ સાયન્સનું ૯૭.૮૮ ટકા પરિણામ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં કાર્યરત સ્વામીનારાયણ હાયર સેકન્ડરી સ્કૂલમાં ગુજરાતી માધ્યમ ધો-૧૨ સાયન્સનું પરિણામ ૯૭.૮૮ ટકા અને અંગ્રેજી માધ્યમનું ધો-૧૨ સાયન્સનું પરિણામ ૮૭.૬૯ આવ્યું છે.

શાળાના ગુજરાતી માધ્યમમાં દિપકકુમાર લીમાની અને આશિષકુમાર ગેલોતે શાળામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય નંબર મેળવ્યો છે જયારે અંગ્રેજી માધ્યમમાં હરપાલસિંહ રાઓલે પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવારે દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલનું ધો-૧૨ સાયન્સનું ૮૬.૪ ટકા પરિણામ

*ગાંધીનગર, તા.૧૪*

*ગાંધીનગરના સેકટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ ગાંધીનગર જિલ્લામાં ૭૧.૧૯ ટકા અને સમગ્ર શાળાનું ૮૬.૪ ટકા આવ્યું છે.*

*શાળામાં ધવલકુમાર ચૌધરીએ ૫૦૦માંથી ૪૩૨ માર્કસ અને સુચિતા વિચારે ૫૦૦માંથી ૪૩૧ માર્કસ મેળવી શાળામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય ક્રમ મેળવ્યો છે. એ-૨માં ૧૬, બી-૧માં ૩૫, બી-૨માં ૨૨, સી-૧માં ૨૭ અને સી-૨માં ૫ વિદ્યાર્થીઓ આવ્યા છે. શાળામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા છે.*

### પૂજન ડાન્સીંગ ક્લાસમાં

## પદ્ધતિસરની તાલીમ લઈ રહેલા સમર કૅમ્પના તાલીમાર્થીઓ



ગાંધીનગર, તા. ૧૪

પૂજન ડાન્સીંગ ક્લાસ દ્વારા તાજેતરમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સમર કેમ્પમાં તાલીમાર્થીઓને પદ્ધતિસરની ડાન્સની તાલીમ આપવામાં આવી રહી છે. તથા આર્ટ ઓફ લીવીંગ સાથે વર્કશોપ, યોગા, મેડીટેશન તેમજ એરો બિક્સ પણ શીખવવામાં આવી રહ્યું છે.

નાના બાળકોથી લઈને યુવાનો પણ ટ્રેડિશનલ ડાન્સ, હીપહોપ, કન્ટેમ્પરરી તેમજ બોલીવુડ ફ્યૂઝન ખૂબ જ રસથી શીખી રહ્યા છે.

ડાન્સ એ શરીરના આંગિક, તાલીમબદ્ધ અવયવોનો સંગીતના સૂરો સાથેનો સુભગમ સમન્વય છે. અહી પૂજન ડાન્સીંગ ક્લાસ દ્વારા ચાલતા સમર કેમ્પમાં નાના-નાના બાળકોથી માંડીને યુવાનો ટ્રેડીશનલ અને વેસ્ટર્ન ડાન્સ રસપૂર્વક શીખી રહ્યા છે. પૂજન ડાન્સીંગ ક્લાસના પ્રજ્ઞા ગજ્જર ખૂબ જ જહેમત સાથે વિદ્યાર્થીઓને તાલીમ આપી રહ્યા છે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

**- રજનીકાંત ભટ્ટ**



વિશ્વધર્મ પરિષદમાં આપેલ આ પ્રથમ ઐતિહાસિક ભાષણથી સ્વામીજી અમેરિકામાં પ્રખ્યાત થઈ ગયા. તેઓ અપૂર્વ રાજકીય સન્માન સાથે શિકાગોના એક ધન કુબેરના મહેલમાં એક રાજાને છાજે તેવી આગતા સ્વાગતા પામ્યા હોવા છતાં તે રાત્રે તેઓ ઊંઘી ન શક્યા. એમનું મન વિશ્વ પ્રસિદ્ધિ મળતાં આનંદમાં ડૂબવાને બદલે વિષાદમાં ડૂબી ગયા. વૈભવી પથારીમાં સૂતાની સાથે જ ભારતની ગરીબાઈ અને અમેરિકાના અતુલ ઐશ્વર્ય વચ્ચેનો આ ભયાનક વિરોધાભાસ જાણે કે એમનો શ્વાસ રૂંધી રહ્યો હતો. રાજસી શૈયા જાણે કે કાંટાળી બની ગઈ. ભારત માતાનો આ દિગ્વિજયી સપૂત ભારતામાતાના લાખો ગરીબ, દીન- દુખી સંતાનોને યાદ કરી રડવા લાગ્યો. વૈભવી શય્યા છોડીને જમીન પર આળોટવા લાગ્યા અને બોલવા લાગ્યો : 'મા, મારો દેશ જ્યારે ઘોર ગરીબીમાં પીસાઈ રહ્યો છે, ત્યારે માન-યશની ઈચ્છા કોણ કરે ? ગરીબ ભારતવાસી મૂઠી અન્નના અભાવે પ્રાણ ગુમાવે છે, અને આ દેશના લોકો એક માણસના મોજ શોખ માટે લાખો રૂપિયા ખર્ચે છે. ભારતના આ ગરીબોને કોણ ઉપર ઉઠાવશે ? કોણ એમના મોંમા અન્નનો કોળિયો નાંખશે ? મા, મને બતાવી દો, કેમ કરીને હું એમની સેવા કરી શકું ?'

આ ઘટના પરથી આપણે સમજી શકીએ કે સ્વામીજી પોતાના નામ- યશ- કીર્તિ માટે શિકાગો વિશ્વધર્મ પરિષદમાં ભાગ લેવા નહોતા આવ્યા. એમની આ અમેરિકા યાત્રાનો હેતુ હતો પોતાની પાસે જે આધ્યાત્મિક સંપતિ હતી તે અમેરિકનો, યુરોપીયનોને આપી તેના બદલામાં ભારતના લાખો ગરીબો માટે આર્થિક મદદ મેળવવી. નહીં કે વિશ્વમાં તેમનું યશોગાન થાય, તેમની વાહ વાહ થાય.

એક જ દિવસમાં વિશ્વવિખ્યાત બન્યા પછી તો સ્વામીજીના વ્યાખ્યાનો સાંભળવા અમેરિકનો ઉમટી પડ્યા. વિશ્વધર્મ પરિષદમાં સ્વામીજીના વ્યાખ્યાનો સહુથી છેલ્લે રાખવામાં આવતા જેથી લોકો બધો વખત હાજર રહીને બીજાઓનાં ભાષણો પણ સાંભળે.

ભગવો સાફો અને લાંબા કોટ પર કમરબંધ બાંધેલા આ હિન્દુ સાધુને નિરખવા અમેરિકનો રસ્તા ઉપર ઉભા રહી જતાં. શિકાગોની શેરીઓમાં અને જાહેર રસ્તાઓ પર ભીંતચિત્રો ચોડવામાં આવ્યા હતા. લોકો સ્વામીજીના આ ભીંતચિંત્રોને આદરપૂર્વક નમન કરતાં.

સ્વામીજીએ શિકાગોની વિશ્વ ધર્મ પરિષદમાં કરેલ મહાવિજય, દિગ્વિજયની વાતો ભારતીય સમાચાર પત્રોમાં છવાઈ ગઈ. દરેક ભારતીયનું મસ્તક ગૌરવથી ઉન્નત થયું. સ્વામીજીના ગુરુભાઈઓને જાણવા મળ્યું કે એમનો નરેન્દ્ર હવે વિશ્વ વંદનીય સ્વામી વિવેકાનંદ બન્યો છે. ત્યારે એમના આનંદનો પાર ન રહ્યો.

હવે, અમેરિકાના લગભગ દરેક શહેરમાં સ્વામીજીના પ્રવચનોની હારમાળા ચાલુ થઈ. એ માટે સ્વામીજીને ઘણા પ્રવાસો કરવા પડ્યા હતા. એ પ્રવાસ સમગ્ર અમેરિકાના મોટા શહેરો અને યુનિવર્સિટીઓ સુધી વિસ્તર્યા.

અમેરિકનોએ હવે કહેવા માંડ્યું કે, ભારત જેવા દેશમાં મિશનરી- ધર્મપ્રચારકો મોકલવા એ તો નરી મૂર્ખતા છે. આનાથી ઊલટું થવું જોઈએ કે ભારતે વિવેકાનંદ જેવી વધુને વધુ વિભૂતિઓને અમેરિકા મોકલવી જોઈએ.

શિકાગો વિશ્વધર્મ પરિષદના વૈજ્ઞાનિક સત્રના સભાપતિ શ્રી મરવીન મેરી સ્નેઈલે લખ્યું, 'વિશ્વધર્મ પરિષદમાં સૌથી વધુ લોકપ્રિય અને પ્રભાવશાળી વ્યકિત અને વક્તા હતા સ્વામી વિવેકાનંદ. સૌથી વધુ કટ્ટર પુરાતનપંથી ઈસાઈ સ્વામીજી વિશે કહેત, 'વાસ્તવમાં તેઓ (સ્વામીજી) એક રાજકુમાર છે. એમને મોકલવા માટે અમેરિકા ભારતનો આભાર માને છે અને આગ્રહ કરે છે કે આવી વધુ વિભૂતિઓ મોકલે.'

મહાબોધી સોસાયટીના મહાસચિવ શ્રી ધર્મપાલ પણ વિશ્વધર્મ પરિષદમાં બૌદ્ધ ધર્મના પ્રતિનિધિ હતા. વિશ્વધર્મ પરિષદના સમાપન પછી ભારત પરત આવીને એક ભાષણમાં તેમણે કહ્યું હતું કે, 'મને એ કહેવામાં જરાય સંકોચ નથી કે વિશ્વધર્મ પરિષદમાં એ મહાન અને ભલા હિન્દુ સાધુ, વિવેકાનંદને છોડીને બીજું કોઈ ન હેતુ જેમણે બધાને સૌથી વધુ આકર્ષિત કર્યા હોય. સ્વામી વિવેકાનંદે ન કેવળ હિન્દુ દર્શનના શુદ્ધ સિધ્ધાંતોને પીરસવાની મહાન સેવા કરી.

પરંતુ તેઓ અમેરિકી જનતાના વિજ્ઞ અને સંભ્રાન્ત ભાગને એ મનાવવામાં સફળ રહ્યા કે ભારત જ સમસ્ત દર્શન અને તત્વજ્ઞાનની જનની છે, તેની વેદી છે. હું બતાવવા માંગુ છું કે, જ્યારે પણ જાહેરાત કરવામાં આવતી કે આજે સ્વામી વિવેકાનંદ બોલશે. ત્યારે પોતાની જગા મેળવવા માટે લોકોની ભીડ ઉમડતી હતી. શિકાગો શહેરમાં સર્વત્ર સ્વામી વિવેકાનંદના ચિત્રો સાથે તકતીઓ લગાવી દેવામાં આવતી કે તેઓ અમુક સ્થાન પર અમુક વિષય પર પ્રવચન કરશે.

કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓએ દેશની મહાન સેવા કરી છે. વિશ્વધર્મ પરિષદમાં જેટલા પણ પ્રતિનિધિઓ હતા તેમાં તેઓએ પોતાનું સર્વોત્કૃષ્ટ સ્થાન બનાવ્યું હતું.'

વાસ્તવમાં શિકાગો વિશ્વધર્મ પરિષદમાં સ્વામીજીની ઉપસ્થિતિ ભારતના નવ જાગરણ માટે ઈતિહાસની મહત્વપૂર્ણ ઘટના હતી. શ્રી મહર્ષિ અરવિંદ કહે છે કે, 'વિવેકાનંદનું પશ્ચિમમાં જવું... વિશ્વની સામે જીવતો જાગતો સંકેત હતો કે ભારત જાગી ઊઠ્યું છે. ન કેવળ જીવતા રહેવા માટે પરંતુ, વિજયી બનવા માટે પણ.'

# 'બોલો સાહેબ, શું કામ છે ? લોકો મને જ ગાંધીજી કહે છે'

### વિશ્વના અમર હાસ્ય પ્રસંગો

સાહિત્યકાર પી. પ્રકાશ વેગડ દ્વારા 'વિશ્વના અમર હાસ્ય પ્રસંગો' નામક પુસ્તકમાં વિવિધ હાસ્યપ્રેરક તેમજ હળવા પ્રસંગોનું સંપાદન કરીને સુંદર વાચનસામગ્રી એકત્રીત કરવામાં આવી છે. આજે એ પૈકીના કેટલાક અમર હાસ્ય પ્રસંગો માણીએ.

એકવાર સંત કબીર ગંગા કિનારે પોતાનો લોટો ધોઈ રહ્યા હતા. એવામાં કેટલાક બ્રાહ્મણો પાણી પીવા માટે ત્યાં પહોંચ્યા. એ લોકોને નદીમાં નમીને ખોબે ખોબે



પાણી પીતા જોઈને કબીરે કહ્યું, 'મહારાજ, આ લોટો લો અને આરામથી જલ પીઓ.'

કબીરના એ શબ્દો તેમને અપમાનજનક લાગ્યા. એક બ્રાહ્મણે ગુસ્સે થઈને કહ્યું, 'તને અક્કલ છે કે નહીં ? તારા અપવિત્ર લોટા વડે તું અમને અભડાવવા ઈચ્છે છે ?' કબીરે તરત જ હાથ જોડીને વિનયપૂર્વક કહ્યું, 'જો આ લોટો ગંગાના પવિત્ર જળનો સ્પર્શ પામ્યા છતાં પવિત્ર થઈ શકતો નથી તો એમાં સ્નાન કરવાથી લોકોનાં પાપ કઈ રીતે ધોવાઈ જાય છે ?'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

એકવાર કોઈ અટકચાળી વ્યક્તિએ અહિંસા ઉપર કટાક્ષ કરતો એક પત્ર મહાત્મા ગાંધીને લખ્યો, 'આપણે ધરતી પર ચાલીએ છીએ ત્યારે અસંખ્ય કીડીઓ ને બીજા જીવજંતુઓ આપણા પગ તળે ચગદાઈ જાય છે. એ હિંસા કઈ રીતે અટકાવી શકાય ?'

ગાંધીજીએ પત્ર સરદાર પટેલને આપ્યો. તેમણે ખડખડાટ હસતાં કહ્યું, 'બાપુ, એને લખો કે પોતાના માથા પર પગ રાખીને ચાલે.'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

વિનોબા ભાવેને દક્ષિણ ભારતના એક કાર્યકરે પૂછ્યું, 'વિજ્ઞાનમાં જેવી રીતે વસ્તુનિષ્ઠ કસોટીઓ હોય છે તેવી રીતે આત્મજ્ઞાનમાં પણ કસોટીઓ ખરી ?' વિનોબાએ હસતાં હસતાં કહ્યું, 'કોઈના ગાલ પર તમાચો મારો ને તરત જ પારખી લો. જો એને ક્રોધ આવે તો સમજી લેવાનું કે એ આત્મજ્ઞાની નથી ! બસ આ છે આત્મજ્ઞાનની કસોટી !'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

ઈંગ્લેન્ડના વડાપ્રધાન ગ્લેડસ્ટન રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરી રહ્યા હતા એ જોઈને એક મિત્રે કહ્યું, 'તમારો પુત્ર હંમેશા ફર્સ્ટ ક્લાસમાં મુસાફરી કરે છે અને તમે આ દેશના વડાપ્રધાન હોવા છતાં થર્ડ ક્લાસમાં મુસાફરી કરો છો ?'

ગ્લેડસ્ટને તેમના ખભે હાથ રાખીને જવાબ આપ્યો, 'હું એક ખેડૂતનો પુત્ર છું, જ્યારે એ એક વડાપ્રધાનનો.'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

એકવાર લિંકન પાસે ફરિયાદ લઈને ગયેલો ઑફિસર ઉશ્કેરાટમાં વચ્ચે વચ્ચે અપશબ્દો બોલતો હતો. લિંકને એને અટકાવતાં કહ્યું, 'ભલા માણસ. મારી સામે આટલો બફાટ કરવા કરતાં એ માણસને ધધડાવતો એક જોરદાર પત્ર લખી નાખતો હોય તો ?' લે આ કાગળ અને અત્યારે જ અહીં બેસીને લખી નાખ.

ગુસ્સે ભરાયેલા એ ઑફિસરે એવું જ કર્યું. એણે પોતાનો બધો ગુસ્સો પત્રમાં ઠાલવી દીધો. એ પછી હળવાશ અનુભવતાં એણે લિંકનને એ પત્ર વાંચવા આપ્યો.

'વાહ, તેં તો જોરદાર પત્ર લખ્યો છે, આવું તો મને પણ લખતાં ન આવડે,' લિંકને કહ્યું. ઑફિસરે પ્રસન્ન થતાં પૂછ્યું, 'હવે શું ?'

લિંકને પણ એ જ શૈલીમાં જવાબ આપ્યો, 'હવે શું ? હવે કંઈ નહીં.' અને માર્મિક ઢબે હસવા લાગ્યા. એ ઑફિસર ડઘાઈ ગયો અને લિંકન સામે બાઘાની જેમ જોઈ રહ્યો. ત્યારે લિંકને આદેશ આપ્યો, 'જાઓ, આ પત્ર પેલી સગડીમાં નાખી દો. મને જ્યારે પણ ગુસ્સો ચડે છે ત્યારે હું પણ આવું જ કરું છું. આવું કરવાથી મનનું ઝેર બહાર નીકળી જાય છે ને આપણને શાંતિ મળે છે.'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

જનરલ કરીઅપ્પાના ભાઈ કુમારપ્પા પહેલીવાર ગાંધીજીને મળવા સાબરમતી આશ્રમે પહોંચ્યા. ત્યાં માથે ફાળિયું બાંધેલો એક ડોસો સાફસૂફીનું કામ કરી રહ્યો હતો. કુમારપ્પાએ તેમને પૂછ્યું, 'ગાંધીજીને જણાવો કે જનરલ કરીઅપ્પાના ભાઈ તેમને મળવા આવ્યા છે.'

એ ડોસાએ પ્રશ્ન કર્યો, 'ગાંધીજીએ તમને કેટલા વાગ્યાનો સમય આપ્યો છે ?'

કુમારપ્પાએ પૂછપરછ પ્રત્યે અણગમો પ્રગટ કરતાં કહ્યું, 'એનું તારે શું કામ છે ? તું તારે જઈને ખબર આપ. જોકે એમણે ચાર વાગ્યે મળવાનો સમય આપ્યો છે.'

'પણ હજુ તો સાડા ત્રણ જ વાગ્યા છે.' ડોસાએ કહ્યું. કુમારપ્પા ચિડાઈ ગયા, 'ડહાપણ કર્યા વગર હું કહું છું એમ કર.'

આથી એ ડોસો અંદરના ખંડમાં ચાલ્યો ગયો અને થોડીવારે આવીને બોલ્યો, 'સાહેબ, આપ બેસો. ગાંધીજી આપને ઠીક ચાર વાગ્યે મળશે.' કુમારપ્પા બેઠક ખંડની ગાદી પર બેસી ગયા. બરાબર ચાર વાગ્યે એ ડોસાએ પોતાના માથેથી ફાળિયું કાઢી નાખ્યું અને કુમારપ્પાને પૂછ્યું, 'બોલો સાહેબ, શું કામ છે ? લોકો મને જ ગાંધીજી કહે છે.'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

રાષ્ટ્રપતિ થિયોડોર રૂઝવેલ્ટનાં પત્ની સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. એકવાર તેઓ નારી નિકેતન જેવી કોઈ સંસ્થાની ઑફિસમાં બેઠા હતા ત્યારે એક યુવતીએ તેમને કહ્યું, 'મારું લગ્ન થયે હજી એક જ વર્ષ થયું છે, પણ કોણ જાણે શાથી મને પહેલાં જેવું દાંપત્યસુખ મળતું નથી.'

તેમની બધી વાત સાંભળી લીધા પછી શ્રીમતી રૂઝવેલ્ટે પૂછ્યું, 'તમે કદી તમારા પતિ સાથે ઝઘડ્યાં છો ખરાં ?' એનો જવાબ નકારમાં મળતાં બીજો પ્રશ્ન પૂછ્યો, 'તો પછી તમારા પતિ સાથે કદી રિસાયાં છો ખરાં ?' એનો જવાબ પણ 'ના'માં મળ્યો. એ પછી તો રૂઝવેલ્ટ ખડખડાટ હસી પડ્યાં. એ જોઈને યુવતિ આશ્ચર્ય પામી. ત્યારે તેમણે એના ગાલે હળવી ટપલી મારતાં કહ્યું, 'બેબી, તમે ખરેખર હજી પરણ્યાં જ નથી. પહેલાં પરણો, પછી ઝઘડો, પછી રિસાઓ, ત્યારે જ તમને મારી સલાહ કામ લાગશે !'

◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆ ◆

અમેરિકાના રાષ્ટ્રપતિ લિંડન જોન્સને ગ્રેટ બ્રિટનના લોર્ડ સ્નોડન અને રાજકુંવરી માર્ગારેટ માટે એક સત્કાર સમારંભ યોજ્યો હતો.

ત્યારે કોઈએ ગમ્મતમાં તેમને પૂછ્યું, 'તમારી પત્નીને ખુશ રાખવા તમે શું કરો છો ?'

તેમણે એનો જવાબ આ પ્રમાણે આપ્યો, 'પત્નીને ખુશ રાખવા માટે બે વસ્તુઓ જરૂરી છે - એક એને વિચારવા દો કે એનો પોતાનો સ્વતંત્ર અભિગમ છે અને બીજી એ કે એ અભિગમ એને માણવા દો.'